બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, પંદરમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ સંતો તથા હરિભક્તો - રામાનંદ સ્વામીને (૫૫/૧૦૮)
➪ જ્યારે રામાનંદ સ્વામીએ સૌને પૂછ્યું કે 'આ સત્સંગની ગાદી-ધર્મધુરા મારે આપવી છે, તો કોને આપવી ? ત્યારે

૨. ➪ નીલકંઠ - બાવાને (૨૭/૪૯)
➪ જગન્નાથપુરીમાં ઇંદ્રદ્યુમ્ન સરોવરના કાંઠે ધ્યાનસ્થ નીલકંઠને બાવાએ ભાજી તોડવાનું કહ્યું ત્યારે

૩. ➪ તપસ્વીઓ - નીલકંઠને (૪/૮)
➪ નીલકંઠે તપસ્વીઓને કહ્યું 'તપ કરીને ગળાઈ જશો તો પણ પ્રગટ પ્રભુને ઓળખ્યા વગર તમારો મોક્ષ કેવી રીતે થશે ?

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. જમાદારને સમાધિમાં નીલકંઠને સિંહાસન પર બેઠેલા અને રામાનંદ સ્વામીને સ્તુતિ કરતાં જોયા. જ્યારે અહીં રામાનંદ સ્વામી ગાદી-તકિયે બેઠેલા અને નીલકંઠ નીચે બેઠેલા હતા. તેથી જમાદારને આશ્ચર્ય થયું. (૫૩/૧૦૪-૧૦૫)

૨. મોહનદાસને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં મોહ રાખ્યો તેથી તેનો મોહ છોડાવવા નીલકંઠે કઠારી તોડી નાખી. (૧૫/૨૭)

૩. નીલકંઠને મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા ન હતી. તેમને તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું હતું. સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું હતું. (૬/૧૨)

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી.) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી (૪૬/૯૧)**

૧. લોજ આશ્રમની બાજુમાં જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામી રોજ કથા કરતા હતા.
૨. સભામાં સ્ત્રી ને પુરુષો ખીચોખીચ ભેગા બેસવાથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થતો હોવાથી નીલકંઠ પાછા વળી ગયા.
૩. બીજે દિવસે સભા શરૂ થતાં નીલકંઠે સંતો હરિભક્તોને કહ્યું સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી તે ધર્મ નથી.
૪. સૌ સંતો અને હરિભક્તો નીલકંઠની પાછળ ચાલ્યા.
૫. મુક્તાનંદ સ્વામીએ સભામાં બેઠેલ સ્ત્રીઓને કહ્યું, ''આ હવે છેલ્લા રામ રામ. આજથી સ્ત્રીઓ અને પુરુષોની સભા જુદી થશે.''

**૨. શિવ-પાર્વતી દર્શને (૩૨/૬૨)**

૧. ભૂતપુરીના વિકટ વનમાં ચાર દિવસ સુધી નીલકંઠને પાણી કે ખાવાનું ન મળ્યું.
૨. પાંચમા દિવસે જળ મળતાં ત્રણથી ચાર કઠારી જળ શાલિગ્રામ પી ગયા.
૩. શાલિગ્રામની તરસ જોતાં નીલકંઠને તેમની ભૂખનો વિચાર આવતાં ભક્તિમાં વ્યાકુળ બન્યા.
૪. કાપડીના વેશે શિવ-પાર્વતી મીઠું અને સાથવો લઈને આવે છે.
૫. તે સાથવો શાલિગ્રામને ધરાવી નીલકંઠ જમ્યા અને શિવ-પાર્વતીને આશિષ આપી.

**૩. નીલકંઠ વંશીપુરમાં (૧૦/૧૭)**

૧. રાણીએ પોતાની કુંવરી ઈલા અને સુશીલાના લગ્ન નીલકંઠ સાથે કરવાનો પ્રસ્તાવ મૂક્યો.
૨. અમારે તો સુખમાત્ર વનમાં જઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાં જ છે.
૩. નીલકંઠની મરજી સમજી પ્રેમથી તેમને અંતરમાં જ રાખવા અને મિથ્યા મોહ છોડી દેવાનો કુંવરીઓની રાણીને વિનંતી.
૪. રાજા-રાણી અને કુંવરીઓનું નિશ્ચિત કલ્યાણ થઈ જતાં નીલકંઠ ચાલ્યા ગયા.
૫. ભવિષ્યમાં સૌરાષ્ટ્રમાં નીલકંઠનો યોગ થશે તેવી આકાશવાણી રાજાએ સાંભળી.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** ☞ **નોંધ :- અડધા જવાબના ગુણ આપવા નહીં.**

૧. નીલકંઠ વર્ણી સંવત્ ૧૮૫૬માં શ્રાવણ વદ છઠને દિવસે પ્રભાતે લોજ પધાર્યા. (૪૨/૮૪)

૨. નીલકંઠ વર્ણીને દીક્ષા આપી 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણમુનિ' એમ બે નામ પાડવામાં આવ્યાં. (૫૪/૧૦૭)

૩. હરિદ્વાર અને બદરીનાથમાં નીલકંઠ વર્ણીને રાજા રણજિતસિંહનો મેળાપ થયો. (૮/૧૫)

૪. રામજી મંદિરના બાવાઓને નીલકંઠ વર્ણીએ ઉપદેશ આપ્યો કે રામાયણની કથા કરો છો અને ધર્મ કેમ નથી પાળતા ? **અથવા** સાધુથી સ્ત્રીઓને ઉપદેશ ન કરાય. **અથવા** ત્યાગી સાધુએ સ્ત્રી અને ધનનો ત્યાગ રાખવો જોઈએ. (૨૨/૪૧)

૫. અમારો દેશ અનિર્દેશ, જાતિ બ્રહ્મ અને નામ અનંત છે. (૩૯/૭૪)

**પ્ર.૫ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખ્યો હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું - ✗** (૪૮/૯૩) જ. રામાનંદ સ્વામીએ મયારામ ભટ્ટને કહ્યું : 'નીલકંઠને કહેજો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.

૨. **ખોટું - ✗** (૩/૫) જ. ઘનશ્યામના પરમ મિત્ર રઘુનંદને ઘનશ્યામનું ધ્યાન કરતાં કરતાં દેહ ત્યજી દીધો.

૩. **ખોટું - ✗** (૧૭/૩૧) જ. નીલકંઠવર્ણીએ માત્ર એક વર્ષમાં ગોપાળ યોગી પાસેથી અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો.

૪. **ખોટું - ✗** (૪૨/૮૪) જ. નીલકંઠવર્ણી મઢડાના જેઠામેરના નિષ્કામી વર્તમાનથી પ્રસન્ન થયા.

૫. **ખોટું - ✗** (૨૭/૪૮) જ. નીલકંઠવર્ણી જગન્નાથપુરીમાં ગરુડસ્તંભ આગળ બેસી ધ્યાન કરતા અને મંદિરમાં ભાગવતની કથા સાંભળતા.

**પ્ર.૬ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. ૧૨,૫૦૦ ફૂટ (૧૩/૨૪) ૨. બાંશી (૯/૧૬) ૩. અમીચંદ (૩૫/૬૭) ૪. સુખાનંદ (૪૩/૮૬)

૫. રામકૃષ્ણ ધૂની ધૂની (૪૯/૯૫)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, નવમી આવૃત્તિ - ઑગસ્ટ, ૨૦૦૬)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ☆ દેવાનંદ સ્વામી - મેરાઈ ભક્તને (૨/૧૫)

☆ દેવાનંદ સ્વામીએ મેરાઈ ભક્તને પોતે ધામમાં જવાના છે તો વિમાન તૈયાર રાખવાનું કહ્યું તેથી ભક્તને આશ્ચર્ય થયું ત્યારે સ્વામી કહે છે.

૨. ☆ મહારાજ - જોબનપગીને (૫/૩૫)

☆ જોબનપગીએ લૂંટનો ધંધો બંધ થવાથી સેવા કેવી રીતે થાય ? તેમ મહારાજને કહ્યું ત્યારે મહારાજ કહે છે.

૩. ☆ પૂજારી - શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી અને જેઠાભાઈને (૭/૪૩)

☆ શાસ્ત્રી મહારાજ સાંજે ચાર વાગ્યાના જેઠાભાઈ સાથે વાતો કરતાં બેઠેલા તે બીજે દિવસે સવારે ચાર વાગ્યા સુધી વાતો કરતાં બેઠેલા જોયા ત્યારે પૂજારી કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. મહારાજનું પારખું કરવા જતાં લાડુદાનજીએ અશક્ય તેવા ચાર સંકલ્પો કર્યાં. મહારાજના દર્શન કરતી વખતે તેમના બધા જ સંકલ્પો પૂરા થવાથી મહારાજના ચરણ પકડીને જીવનભર ચરણોની ભક્તિ માગી. આમ, મીઠાની પૂતળી પાણીનો તાગ કાઢવા ગઈ અને પાણીમાં સમાઈ ગઈ. (૧/૨-૩)

૨. ગામમાં સ્વામિનારાયણના સંતો આવ્યા ત્યારે આશાભાઈએ રસોઈ આપી ત્યારે સંતોએ કહ્યું તમે સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરો તો જ અમે રસોઈ જમીએ ત્યારે મોવડી સાધુ ધર્મનંદદાસ પાસે આશાભાઈએ વર્તમાન લીધાં. (૮/૫૩)

૩. પંચાળામાં મહારાજે માંદગી ગ્રહણ કરી ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રાર્થના કરી કે કોઈ વૈરાગી બાવા પણ આ લોકમાં આવીને મઠ બાંધે છે. તમે પુરુષોત્તમ નારાયણ પધાર્યા ને પાછળ કાંઈ મૂકતા ન જાવ તો તમારો આ લોકમાં ફેરો અફળ જાય. માટે મહારાજે માંદગી સંકેલી લીધી. (૪/૨૮)

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે આપેલા હોય તો સાચું આપવું.**

**વિષય :- ભક્તરાજ જીવુબા (૬/૩૯ થી ૪૨)**

**જ. ૨, ૫, ૭, ૮, ૯**

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. આવા જોગી આપણે ત્યાં રહે તો કેવું સારું ! (૫/૩૧)

૨. શ્રીજીમહારાજ શુકમુનિને પોતાના હાથપગ ગણતાં. (૩/૨૦)
૩. 'રે રંગ સહિત હરિને રટીએ .....' પદ નિર્ગુણ સ્વામી વધુ બોલતા. (૭/૪૭)
૪. ભગતજી મહારાજે જેઠાભગતને વરદાન આપ્યું કે, ' તમારા પર ભગવાન અને સાધુની દૃષ્ટિ અખંડ રહેશે.' (૭/૪૬)
૫. મોટા સ્વામીએ સીત્તેર વર્ષની ઉંમરે ભાગવતી દીક્ષા લીધી. (૮/૫૯)

**પ્ર.૧૧ વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. બ્રહ્માનંદ સ્વામી (૧/૨) | ૩ | ૧. તીખાંનો વાટકો |
| ૨. દેવાનંદ સ્વામી (૨/૧૪) | ૫ | ૨. રણછોડરાયનાં દર્શન |
| ૩. શુકાનંદ સ્વામી (૩/૧૯) | ૪ | ૩. ગુલાબનો હાર |
| ૪. ઝીણાભાઈ (૪/૨૮) | ૧ | ૪. સુખડીનું દાતણ |
| ૫. સ્વામી યજ્ઞપ્રિયદાસ (૮/૫૩) | ૨ | ૫. ચાબખા |

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૨ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે વેઠેલો ભીડો અને કરેલો પુરુષાર્થ :**
૧. સાધુની દીક્ષા ગ્રહણ કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના જ્ઞાનની ચોખ્ખી સમજણ ગુરુ પાસેથી પ્રાપ્ત કરી. - (પ્રસંગ)
૨. અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સાચો અને શુદ્ધ તેથી આ સિદ્ધાંતના પ્રવર્તન માટે કમર કસી.
૩. ઉપાસના પ્રવર્તન માટે ભીડો - વિરોધીઓ તરફથી અનેક ઉપાધિ - શાસ્ત્રીજી મહારાજની સભામાં મરચાંની ધૂણી થાય, પાણીનાં માટલાં ફોડાય - શાસ્ત્રીજી મહારાજને શારીરિક, માનસિક કષ્ટ આપ્યું - છેક મારી નાખવા સુધીના પ્રયત્નો - (પ્રસંગો) - બેહદ હેરાનગતિ.
૪. અસહ્ય ભીડામાં પણ પોતે આદરેલ પુરુષાર્થ - મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવવા તેને લેશમાત્ર ગૌણ કરેલ નથી. આર્થિક તેમજ રાજકીય વિટંબણાઓમાં પણ પાંચ પાંચ શિખરબદ્ધ મંદિરો અને તેમાં મધ્ય શિખરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની સ્થાપના કરી. (પ્રસંગો)
૫. ઉત્તમ પુરુષનું એ લક્ષણ - ગમે તેટલી મુશ્કેલી છતાં નિર્ધારિત લક્ષ્યથી ચલિત ન થાય - મુશ્કેલીઓનો સામનો હસતા મુખે - સાધુતાને દીપાવી - અજાતશત્રુતા દાખવી - શાસ્ત્રીજી મહારાજના અથાગ પુરુષાર્થને કારણે સંસ્થાના પાયા પાતાળે - સંસ્થા શતાબ્દી વર્ષ ઊજવે છે.
૬. ઉપસંહાર

**૨. મંદિર પરંપરાના પોષક :- પ્રમુખસ્વામી મહારાજ**
૧. દરેક વ્યક્તિની આગવી વિશેષતા - દરેક વ્યક્તિનું અલગ અલગ ક્ષેત્રોમાં આગવું પ્રદાન.
૨. પ્રમુખસ્વામી મહારાજની મંદિરોના સર્જક તરીકે આગવી વિશેષતા - મંદિર નિર્માણ પ્રવૃત્તિમાં અગ્રેસર.
૩. મંદિરની આવશ્યકતા - શુદ્ધ ઉપાસના, ભગવાનની ભક્તિ માટે મંદિર આવશ્યક, હરિભક્તો મંદિરમાં સાથે મળે, સંપ વધે, એકતા વધે - સત્સંગ પ્રવૃત્તિ થાય - તેથી સત્સંગનો વિકાસ થાય (પ્રસંગો)
૪. દેશ-પરદેશનાં અનેક કેન્દ્રોમાં હરિભક્તો, મુમુક્ષુઓ સાથે મળે, પ્રવૃત્તિ વધે પછી મંદિરની આવશ્યકતા જણાય - સ્વામીશ્રી મંદિરની નિર્માણ પ્રવૃત્તિમાં માહેર - સાથે સાથે મંદિર પરંપરાના પોષક - પ્રાચીન મંદિર પરંપરા સાથે અર્વાચીન સ્થાપત્યનો સુમેળ સાધીને મંદિરોનું નિર્માણ - મંદિરોના નિર્માણમાં સ્વામીશ્રીનો વિશ્વવિક્રમ ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન- સ્વામીશ્રી દ્વારા મંદિર પરંપરાને પોષણ - આમ, મંદિર પરંપરાના પોષક પ્રમુખસ્વામી મહારાજ.

**૩. વિશ્વની અજાયબી સમું દિલ્હી અક્ષરધામ :-**
૧. વિશ્વમાં સાત અજાયબી - દરેક અજાયબીની આગવી ઓળખ.
૨. ૨૧મી સદીના પ્રારંભમાં દિલ્હી અક્ષરધામના બાંધકામનો પ્રારંભ - ફક્ત પાંચ વર્ષમાં જ આટલું ભવ્ય અને વિશાળ સંકુલ

ઊભું કરવું તે જ મોટી અજાયબી (પ્રસંગો)

૩. અક્ષરધામ બેનમૂન સ્મારક - શિલ્પ, સ્થાપત્ય, સંગીત - પ્રાચીન-અર્વાચીન કલાનો સુભગ સમન્વ્ય - જોનારા દંગ રહી જાય તેવું અજોડ સ્મારક.

૪. ભારતનો ભવ્ય વારસો - સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક કલા, સંગીત સ્થાપત્ય, પ્રાચીન કથાઓનું આલેખન શિલ્પ દ્વારા - નીલકંઠ વર્ણીની યાત્રા દર્શાવતો આઈમેક્સ શો -

૫. ભગવાન સ્વામિનારાયણના સમયમાં બનેલા પ્રસંગોને દર્શાવતાં સુંદર આબેહૂબ સ્ટેચ્યુ જોઈને દર્શકો અચરજ પામી જાય - સાચો અને સારો સંદેશો લઈને જ સહુ જાય (પ્રસંગો)

૬. દુનિયામાં સ્મારકો - સ્થાપત્યો ઘણાં જ પણ હૃદય પરિવર્તન કરે તથા સાચો સંદેશો સૌના હૈયામાં અંકિત થઈ જાય તેવું તો દિલ્હીનું અક્ષરધામ જ - માટે જ વિશ્વની અજાયબી સમું. - ઉપસંહાર

❑ ❑ ❑